(Gujarati)

1866
12/1/21

~~No Acc No~~

3160 — 9 — P

૧

## જન્મભૂમિનું જયમંગળ

જય મંગળ પ્રિય જન્મ ભૂમિનું ગજાવીયે. (ટેક)
રઘુવીર સમ વીરલ વીર ભારતી સૂભટ સૂધીર.
ઊર સમુદ્રને હિમાલયે ઉછાળીયે. જય મંગળ૦ ૧
જનનીઅંક ઝીલીયે ઝનુની રંગ રેલીયે
આત્મબળ ઉજાસથી બધું ઉજાળીએ. જય મંગળ૦ ૨
સત્ય અર્થ સજ્જ થાઓ વિજય વાવટો ઉડાવો
વીરધર્મથી સદા ધરા ધ્રૂજાવીએ જય મંગળ ૩
ભૂતળ ફોડી ફેડીયે ઉંડી જડો ઉખેડીએ
દોરને દમામ દેશનો જમાવીએ. જય મંગળ૦ ૪
સ્થિતિ સમય સ્વીકારીએ પ્રવૃત્ત યજ્ઞ ગોજીએ,
જાતને સ્વદેશ કાજ કાં ન હોમીએ, જય મંગળ ૫
દેશ સેવના સ્વધર્મ અન્ય ન કર્તવ્યકર્મ,
આત્મ ભાવથી બધું પ્રભુમય પીછાનીએ. જય મંગળ૦ ૬

૨

## રાષ્ટ્રગીત (પ્રાર્થના ભાષા સં૦)

**વંદે માતરમ્** ... ... (૩)
સુજલામ્ સુફલામ્ મલયજ શીતલામ્
સસ્ય શ્યામલામ્, માતરમ્ વંદે૦ ૧
શુભ્ર જ્યોત્સ્ના — પુલકિત યામિનીમ્
ફુલ્લ કુસુમિત — દ્રુમદલ શોભિનીમ્
સુહાસિનીમ્ સુમધુર ભાષિણીમ્
સુખદામ્......વરદામ્......માતરમ્ વંદે૦ ૨

## ૩
## વૈષ્ણવ જન તો તેને કહીએ

વૈષ્ણવ જન તો તેને કહીએ, જે પીડ પરાઈ જાણે રે
પર દુ:ખે ઉપકાર કરે તે, મન અભિમાન ન આણે રે
વૈષ્ણવ૦
સકળ લોકમાં સહુને વંદે, નિંદા ન કરે કેની રે-
વાચ કાછ મન નિશ્ચલ રાખે, ધન્ય ધન્ય જનની તેની રે-
વૈષ્ણવ૦
સમદૃષ્ટિ ને તૃષ્ણા ત્યાગી, પર સ્ત્રી જેને માત રે
જીહવા થકી અસત્ય ન બોલે, પરધન નવ ઝાલે હાથ રે
વૈષ્ણવ૦
મોહમાયા વ્યાપે નહિ જેને, દૃઢ વૈરાગ્ય જેના મનમાં રે
રામ નામ શું તાળી રે લાગી, સકળ તિરથ તેના તનમાં રે
વૈષ્ણવ૦
વણ લોભી ને કપટ રહિત જે, કામ ક્રોધ નિવાર્યાં રે
ભણે નરસૈયો તેનું દર્શન કરતાં, કુળ ઈકોતેર તાર્યાં રે
વૈષ્ણવ૦

## ૪
## માતૃભૂમિને નમન (ચરખા ચલાચલાકે એ રાગ)

અય માતૃ ભૂમિ તેરે ચરણોંમેં શિર નમાઉં
મૈં ભક્તિ ભેટ અપની તેરી શરણમેં લાઉં— એ ટેક.
માથે પે તૂં હો ચંદન છાતીપે તૂં હો માલા
જીહ્વાપે ગીત તૂં હો મેં તેરા નામ ગાઉં—અય૦ ૧
જીસસે સુપૂત ઉપજે શ્રી રામકૃષ્ણ જૈસે
ઉસ તેરી ધૂલીકો મૈં નિજ શિશપે ચઢાઉં—અય૦ ૨
થાની સમુદ્ર જીસકી ધુલિકા પહાન કરકે
કરતા હૈ માન તેરે ઉસ પૈરકો મનાઉં— અય૦ ૩

વે દેશ ં માન વાલે ચઢકર ઉતર ગયે સબ
ગોરે રહે ન કાલે મુજકો હી એક પાઉં—અય૦ ૪
સેવામેં તેરી સારે ભેદોંકો ભૂલ જાઉં
વહ પૂણ્ય નામ તેરા પ્રતિદિન સુનું સુનાઉં—અય૦ ૫
તેરેહી કામ આવું તેરા હી મંત્ર ગાઉં
મન ઔર દેહ તુઝપર બલિદાન મૈં ચઢાઉં—અય૦ ૬

૫

## અમેતો ભારત ભૂમિનાં બાળ (ભાષા ગુ૦)

અમે તો ભારત ભૂમિનાં બાળ અમોને કેવળ એ પર વ્હાલ.
નિરંતર કેવળ એ પર વ્હાલ અમે તો૦ એ-ટેક

સ્વર્ગ સમી પરભૂમિ સુંદર ભલે રસમાં રમનાર
અમ અંતરમાં એને તેજે પળભર નહિ ચમકાર—અમે તો૦ ૧
રંક ભલે રહી માત અમારી તદપિ તે અમ પ્રાણ
હૈયા ગેલ સલુણા દેતી શીખવે ઉન્નત ગાન—અમે તો૦ ૨
અવર ભૂમિની ભુરકીમાં, નહિ ભરત અમે ભુલનાર
પર માતાનાં લાડ લૂખેરાં, તે શું દુ:ખ દળનાર—અમે તો૦ ૩
અનેક વ્રત કંઇ અમે ઉજવશું ઝગતા સુર ઝમકાર
ઉષા સમી બસ ભરત હસાવી જગવીશું જયકાર—અમે તો૦ ૪

૬

## સ્વાતંત્ર્ય સમરાંગણે આવાહન.

જાગો ભારત વીર ઉઠો સૌ - જાગો ભારત વીર—એ ટેક.
અવલોકો આ ઉષા પ્રગટતી મુક્તિ ધગશ ગંભીર
નિશા ગુલામીની છવરાઇ ચીરાય ઘોર તીમીર—ઉઠો સૌ૦ ૧
સિદ્ધરાજ વનરાજ સમા કયાં છુપાઈ બેઠા ધીર
પૃથુ પ્રતાપ શિવાજીનાં કયાં તાતાં તેજલ તીર—ઉઠો સૌ૦ ૨

જાગો ભારત વીર જવાહીર  મોહ ન રાખો લગીર
દેશોધ્ધારે  અર્પોવા  બલીદાન બનો ભડવીર—ઉઠો સૌ૦ ૩
ગુલામ ભારત માતા રોતી  દુર્બળ બન્યું શરીર
વિશ્વ ભૂષણની હાય વિરૂપતા  નયન ન લાવે  નીર?—ઉઠો સૌ૦ ૪
માતૃદ્રોહનાં પ્રાયશ્ચિત લ્યો  અર્પો  શીર  શરીર
મુક્તિ સાટે કરી કેશરીયાં  ધરી સત્યાગ્રહ સમશીર—ઉઠો સૌ૦ ૫

૭

## કર્મવીર "ગાંધીજી" ને વિનંતી

કર્મ વીર ધીર નેક ન્યાયી રણવીર, આજ  ઐકયતાના પાઠને પઢાવજો.
આજ સ્નેહ સુમનથી ભારતી વધાવજો  (૨)
શુધ્ધ ક્ષત્રિ ધર્મ ધારી દ્વધને દીપાવજો  (૨)
વસુંધરા ગજાવજો (૨) માતૃભૂમિ તારજો  (૨)
સ્વતંત્રતાના મંત્રને શીખાવજો  (૨)  કર્મવીર ધીર૦

૮

## અહિંસા યજ્ઞ ( ગઝલ )

અહિંસા નાદથી આખું  ગગન મંડળ ગજાવી દ્યો,
મરીને મંત્ર મરવાનો  સકળ જનને સૂણાવી દ્યો.—૧
તમારા માલને મિલ્કત  જીવન એ ભારતીના છે,
રિબાતી માવડી કાજે  જીવન ધન સૌ લુંટાવી દ્યો.—૨
કહે છે કર્મ યોગી આ  અહિંસા યજ્ઞ છેલ્લો છે,
સમય છે સર્વ આવો યજ્ઞ-માં મસ્તક ચડાવી દ્યો.—૩
પ્રભુ કેરી પ્રભુતા સૌ  અહિંસામાં  સમાઈ છે,
જરા પરિણામ તેનું હિંસા- વાદીને બતાવી દ્યો.—૪

૯

## વિઘ્ન વિનાશક રેંટીયો

( આ ગયા હૈ કર્મયુગ કુછ એ રાગ )

સ્વીકારજો સૌ સ્નેહથી દુઃખ સિંધુ તરવા રેંટીયો
માતને પર બંધનેથી મૂક્ત કરવા રેંટીયો—૧
પૂર્વજોની રિદ્ધિસિદ્ધિ નિત્ય સ્મરવા રેંટીયો
દેશની દારિદ્રયતાનું દુઃખ હરવા રેંટીયો—૨
દેશપર દિલમાં સદા સદ્‌ભાવ ભરવા રેંટીયો
કાળના વિક્રાળ મુખમાં—થી ઉદ્ધરવા રેંટીયો—૩
દુઃખને સુખના દિનોમાં ધૈર્ય ધરવા રેંટીયો
શોકને સંતાપ સમયે રંગે ફરવા રેંટીયો—૪
સ્વતંત્રતાની વાડીમાં સુખથી વિચરવા રેંટીયો
સ્વરાજ્યની સુખસંપદાને સ્હેજે વરવા રેંટીયો—૫

૧૦

## ખાદી ખરી ખાનદાન.

ખાદી ખરી ખાનદાન વાહ મારી ખાદી ખરી ખાનદાન.

લાખોને પાળે લાખો જીવાડે
લાખોને શાન્તિ દેનાર—વાહ૦—૧
ઉનાળે ઠંડક શિયાળે ગરમી
આપે ચોમાસે આરામ—વાહ૦—૨
નાણાં બચાવે નાણાં વધારે
નાણાંની રેલો ફેલાય—વાહ૦—૩
દુષ્કાળ ભાગે રોગોને કાઢે
ચોરી લબાડીનો નાશ—વાહ૦—૪
ટાણે કટાણે કાળે દુકાળે
ભાગ્યાની ભેરૂ ખાસ—વાહ૦—૫

## ૧૧
## સજો સહુ અંગપર ખાદી (ગઝલ)

વતનના નૂરથી રંગી મુલાયમ ને વળી સાદી
વિદેશી વસ્ત્રની દાદી સજો સહુ અંગપર ખાદી—૧
નયન ઝમતાં પુરાણી સૌ કલાની આવતાં યાદી
થવા ફરી મુલ્ક આબાદી સજો સહુ અંગપર ખાદી—૨
તવારીખ ગાય "ભારતમાં" હતી હુન્નર તણી ગાદી
લલાટે રહી અમર ખાદી સજો સહુ અંગ પર ખાદી—૩
વસી પરદેશી પોશાકે વતનની પૂર્ણ બરબાદી
સ્વદેશી, શુભને સાદી સજો સહુ અંગપર ખાદી—૪

## ૧૨
## ખાદીમાંજ ખાનદાની (ભૈરવી-લાવણી)

ખાનદાની ખાદીમાં માનો ભારત ભૂષણ સમજી મન્ન,
દેશ ઉદ્ધારક વિપદ વિદારક ખાદીથી શોભે છે તન્ન.—૧
સ્વદેશ પ્રેમી હિન્દી હૈડે ખાદી પર ધરશે અનુરાગ,
દેશ દાઝની દૂર્પણ ખાદી કરાવતી ફેશનનો ત્યાગ.—૨
દીન દુઃખીની માતા ખાદી લાલનને પાલન કરનાર,
શક્તિ પ્રદાયક ભીખ નિવારક મોહ વિદેશીનો હરનાર.—૩
ઘરનાં બાળક ઘંટી ચાટે ઉપાધ્યાયને આપે લોટ,
મૂર્ખ શિરોમણી પામર જનની ભારતમાં કહો કયાં છે ખોટ ?—૪
વિદેશીમાં પોઝીશન સમજી સ્વદેશીથી જે જન શરમાય,
તે નર ખર સમ ભૂમી ભાર થઈ ધિક્ ધિક્ પામીને કરમાય,—૫
ગાંધીજી ને સુખકર સમજી ધરજો ઉરમાં ખાદી પ્રેમ,
હોળીમાં બાળી પરદેશી સ્વદેશીનો લ્યો સત્વર નેમ.—૬
લાજ દાઝને સાજ વધારે ઉન્નતિકારણ એ શુભ તાજ,
ખાનદાની ખાદીમાં માની સ્થાપો સ્નેહે સદ્ય સ્વરાજ.—૭

## ૧૩
## ખાદીનો મંત્ર (ગઝલ)

બજાવી મોહને બંસી ભણાવ્યો પાઠ ખાદીનો,
જગાડયું હિન્દ આખાને સુણાવ્યો મંત્ર ખાદીનો.—૧
વિદેશી માલમાં મોહી બન્યા છો દેશના દ્રોહી,
દયા એ મોહને લાવી બતાવ્યો માર્ગ ખાદીનો.—૨
નીહાળી માલ પરદેશી બન્યો તો દેશ દીવાનો
અજબ એ બંસીના નાદે બનાવ્યો ભકત ખાદીનો,—૩
થતો બરબાદ જે પૈસો બધો આ દેશમાં રહેશે.
આબાદી દેશની કરવા કર્યો ઉધ્ધાર ખાદીનો,—૪
વિદેશી વસ્ત્ર પહેરીને કરેલાં પાપ ધોવાને.
હવે પસ્તાઇને બંધુ ધરી લે વેશ ખાદીનો,—૫
ઘરેઘર રેંટીયા રાખો ઘરેઘર નીપજે ખાદી.
હજારો રંક કુટુંબો ધરે એહસાન ખાદીનો,—૬
લુંટાવીને બધી દોલત ખરાબી દેશની કીધી.
ખીલવવા દેશની સિદ્ધિ સ્વીકારો મંત્ર ખાદીનો,—૭
જુઓ સ્વતંત્રતા પાછી સુતરને તાંતણે આવે.
સુધારી હિન્દનું ભાવી ધરોને વેશ ખાદીનો,—૮
શીખામણ ધ્યાનમાં લાવી હૃદયમાં હામ ધારીને
શરમ દીલથી હઠાવીને સ્વીકારો મંત્ર ખાદીનો.—૯

## ૧૪
## માહાત્માજીનો પોકાર

(શાંતિ પળાવે ગાંધીજીરે ઓ હિંદુ મુસલમાન એ-રાગ)
સાબરમતીનો સાધુરે પોકારીશું કહે. ભારતનો સંન્યાસીરે પો૦
પ્રેમે પહેરોને ખાદી, થાય દેશ તણી આબાદી
નહી તો થશે બરબાદીરે પોકારી શું કહે સાબર૦—૧

ફેશનનો ચાળો ત્યાગો  સૌ ખાદી હવે તો માગો
ઓ હીંદ તનૂજો જાગોરે  પોકારી શું કહે સાબર૦—૨
હીંદૂ મુસલ્મીન પ્યારા  શા હાલ જુઓને તમારા
થાયે છે ધર્મ ધસારારે  પોકારી શું કહે સાબર૦—૩
બ્હેન ખાદીથી શું ડરતાં  ભાર ગર્ભ તણો તમ ધરતાં
લેડી ફેશન લઈ ફરતાં રે  પોકારી શું કહે સાબર૦—૪
ભારતની ઈજ્જત રાખો  શું દુઃખ તમે તો સાંખો
દુર વિદેશી કાપડ નાંખોરે  પોકારી શું કહે સાબર૦—૫
ધરી આત્મબળથી લડશો  ખાદીથી આગળ ચઢશો
નહિ તો એ હેઠા પડશોરે  પોકારી શું કહે,
યેરવડાનો યાત્રિકરે  પોકારી શું કહે સાબર૦—૬

## ૧૫

## હવે તો વાપરો ખાદી.

( ગઝલ )

હમારા દેશના બંધુ  હવે તો વાપરો ખાદી,
બરફ સમ ઉજળી ધોળી  હવે તો વાપરો ખાદી—૧
પ્રભુના દેવ મંદીરમાં  લગનના ભવ્ય મંડપમાં
સ્વયંસેવક તણા દળમાં  હવે તો વાપરો ખાદી—૨
લગનમાં ચુંદડી કાજે  મરણમાં ખાંપણો કાજે
કબર માંહી કફન કાજે  હવે તો વાપરો ખાદી—૩
તમારા દેશનો પૈસો  તમારા દેશમાં રહેશે
ગરીબોને મદદ કરવા  હવે તો વાપરો ખાદી—૪
વિદેશી વસ્ત્રમાં લોહી  ન વાપરશો તમે કોઈ
ગાંધીનો મંત્ર ધારોને  હવે તો વાપરો ખાદી—૫
ખાદીમાં આબાદી છે  વળી ચોકખી સ્વદેશી છે
વિદેશી વસ્ત્ર ત્યાગીને  હવે તો વાપરો ખાદી—૬

હમારા દેશની બ્હેનો તમે ફેશન્ન છોડી દયો
તમારાં અંગ શોભાવા હવે તો વાપરો ખાદી—૭
અરે ઓ હિંદના વાસી ચહો જો દેશની રક્ષા
બચાવા માતૃ ભૂમિને હવે તો વાપરો ખાદી—૮

## ૧૬

## લગાડો આગ ફેશનને

(ગઝલ)

મહાત્માના વચન પરથી સ્વદેશી વૃત્તને પાળો.
હૃદયમાં હર્ષ લાવીને. લગાડો આગ ફેશનને.—૧
મુકો છાયલ અને વૉયલ અપ-ટુ-ડેટ રીતને છોડો
પહેરી હાથની ખાદી લગાડો આગ ફેશનને—૨
ભલે હો ફેનસી સાડી તમારી ફેનસી ચોળી.
કરો સૌ સ્નેહથી હોળી લગાડો આગ ફેશનને—૩
કપાયે શીર ગાયોનાં તમારા શોખને ખાતર
વિદેશી વસ્ત્રને કાઢી લગાડો આગ ફેશનને—૪
તમારા સ્વામી ની લજ્જા તમારા પિયરની લજ્જા
સદા છે શુદ્ધ ખાદીમાં લગાડો આગ ફેશનને—૫
રડે છે અન્ન વિણ લાખો રડે છે વસ્ત્ર વિણ લાખો
અરે તે દીનને માટે લગાડો આગ ફેશનને—૬
અરે આ દેશની દોલત બધી પરદેશમાં જાયે
છતાં પણ આંખના ઉઘડે લગાડો આગ ફેશનને—૭
બનો ટેકી અને શૂરા તમે પુરૂષાર્થને લાવી
પ્રતિજ્ઞા પાળવાને તમ લગાડો આગ ફેશનને—૮
તમે આ માતૃભૂમિના સહુ સંતાન છો પ્યારા
ઉચ્ચારી વંદે માતરમને લગાડો આગ ફેશનને—૯

૧૭

## ગાંધી આજ્ઞા માની લે.

( શુદ્ધ સુંદર અતી મનોહર મંત્ર વંદેમાતરમ એ-રાગ )

માની લે તું ગાંધી આજ્ઞા ગાંધી આજ્ઞા માનીલે એ-ટેક
છોડી દે પરદેશી કપડાં છોડી દે તું છોડી દે
દેહ પર તું શુદ્ધ ખાદી ધારી લે તું ધારી લે.—માનીલે૦ ૧
આજ સુધી ખૂબ પહેર્યાં વસ્ત્ર પરદેશી બધાં
પાપમાંથી મુક્ત થાવા શુદ્ધ ખાદી ધારી લે—માનીલે૦ ૨
વાપરી પરદેશી વસ્ત્રો લક્ષ્મીને હાંકી મુકી
લાવવા એ લક્ષ્મી પાછી શુદ્ધ ખાદી ધારી લે—માનીલે૦ ૩
ગામડાં ભાંગ્યાં હજારો ધર્મ દેશીનો ચૂક્યો
ગામડાં આબાદ કરવા શુદ્ધ ખાદી ધારી લે—માનીલે૦ ૪
દેશના કાજે હજારો પ્રાણ વ્હાલા પાથરે
દેશના કલ્યાણ કાજે શુદ્ધ ખાદી ધારી લે—માનીલે૦ ૫
ગાંધીજી કહે છે પુકારી વસ્ત્ર પરદેશી તજો
મહાસભાની એજ આજ્ઞા શુદ્ધ ખાદી ધારી લે—માનીલે૦ ૬

૧૮

## ખાદી ધરોને અંગ. ( ખાસ સ્ત્રીઓ માટે )

ખાદી ધરોને અંગ સહીયર સહુ ખાદી ધરોને.
ઉરમાં લાવીને ઉમંગ સહીયર સહુ ખાદી ધરોને

### સાખી

વસ્ત્ર વિદેશી પહેરીને દુ;ખી થયો બહુ દેશ
હિત ચાહો જો હિન્દનું તેનો સંગ ન કરશો લેશ—સહીયર સૌ૦ ૧

### સાખી

ભૂખે મરે ભારત જનો  દયા હૃદયમાં હોય
સુખ ઇચ્છો જો સર્વનું  ફેશન કરો નહી કોય—સહીયર સૌ૦ ૨

### સાખી

ખાદી આબાદી કરે  કરે દુઃખ સૌ દુર
સ્વતંત્રતાને આપીને  સ્વરાજ્ય લાવે જરૂર—સહીયર સૌ૦ ૩

### સાખી

દેશ હીતને કારણે  ગયા વીર નરો જેલ
ગાંધીજીનું કહ્યું માનીયે  તો સ્વરાજ્ય લેવું સ્હેલ—સહીયર સૌ૦ ૪

૧૯

## સ્વરાજ્ય લેવું સ્હેલ છે

રેંટીયા ઉપર દીવો ગાંધીજી ઘણું જીવો મારીબેનો સ્વરાજ્ય લેવું સ્હેલછે
તમે ભપકા ફેશન છોડો  રેંટીયાશું પ્રીતી જોડો—મારી બેનો૦
આળસને નીંદા ત્યાગો  રેંટીયો કાંતવાને જાગો—મારી બેનો૦
પરદેશી કાપડ છોડો  ખાદીથી પ્રીતી જોડો—મારી બેનો૦
ખાદીની ધુન લગાવો  ખાદીનું તાન જગાવો—મારી બેનો૦
વણનારો તાણો વાણો  અંત્યજ ને બંધુ જાણો—મારી બેનો૦
મર્યાદા ખોટી છોડો  પામર બંધનને તોડો—મારી બેનો૦
ઘરમાં સૌને સમજાવો  ખાદીનો મંત્ર પઢાવો—મારી બેનો૦
હોય મર્ણ કે લગ્ન પ્રસંગે  વાપરજો ખાદી ઉમંગે—મારી બેનો૦
ખાદીથી ઇજ્જત સચવાયે  ખાદીથી શિયળ પળાયે—મારી બેનો૦
ગાંધીજી ની જય બોલો  તમ શુદ્ધ હૃદયને ખોલો—મારી બેનો૦

## ૨૦
## હિંદ ઉપર ગોળીનું શું તોફાન.

( સાબરમતીનો સાધુરે પોકારીશું કહે એ-રાગ )

હથીઆર વિનાના હિન્દ ઉપર ગોળીનું શું તોફાન
શોલાપુર પેશાવરમાં બહુ જુલ્મ થયા ઘરઘરમાં
લખતાં કંપારો કરમાંરે સત્તાનું શું ગુમાન—હથિયાર૦ ૧
હિંદ ઉપર ગોળી છુટી બ્હેનોની લાજો લુંટી
બની ન્યાય અદાલત જુઠીરે લાવો શું લુખાં તાન-હથિયાર૦ ૨
નિઃશસ્ત્ર પ્રજાને મારે નામર્દનું કામજ સારે
ભલે મનમાં ગમે તેમ મ્હાલે પણ કાયરતાનું નીશાન—હથિયાર૦ ૩
કાયદા બાજુએ મુકયા બોલીને તે પર થુંકયા
અનીતીના રસ્તે ઝુકયારે સત્તાનું રહયું ન માન—હથિયાર૦ ૪
હોય શસ્ત્રની સામે શસ્ત્ર ન્યાય દ્રષ્ટીયે એકત્ર
જો હોય તમ સાચું તંત્ર રે સતવાદીનું એ સ્થાન—હથિયાર૦ ૫

( દધાલીઆવાલા )

## ૨૧
## રાજા તેને જાણવો

રાજા તેને જાણવો જે પ્રજાને સુખી કરે
રાજા તેને જાણવો જે પ્રજા હીત હૈયે ધરે
રાજા તેને જાણવો જે આપે અદલ ઇન્સાફ
રાજા તેને જાણવો જે સદા રાખે હૈયું સાફ
પ્રજા સાથે મળી ન રહે સદા રહે ભયભીત તે રાજા
દુઃખ દીયે પ્રજાને ભારી સદા રહે કલંકીત તે રાજા
હોય સારો રાજા તેનું રાજ્ય રહે સદા અચળ
હોય બુરો રાજા તેના રાજ્યની થાયે અજલ.

( મી. દારબશા )

## ૨૨
## પરવા નથી

કંટક અમારા રાહમાં પથરાય તો પરવા નથી
આ તન 'બદન અંગાર આધીન થાય તો પરવા નથી—૧
લુંટાય મીલ્કત માલ કે ઘરબાર તો પરવા નથી
ને બાળ બચ્ચાં શહીદ થઈ જાય તો પરવા નથી—૨
જેલમાં જાતાં અમારા સૂકાનીયો ડરશે નહી.
આત્મ ભોગો આપવા પાછી પાની ભરશે નહી —૩

## ૨૩
## વીર વર ગાંધી

(ગઝલ)

કર્યા નિર્ભય હઝારો લોકને તેં વીરવર ગાંધી
અને હરદમ કસાવી તેં યુવાનોની કમર ગાંધી—૧
અહિંસાનો ચલાવ્યો આજ તેં ભિષણ સમર ગાંધી
રહેશે તું જગતના સર્વ ઇતિહાસે અમર ગાંધી—૨
નાહ હિંસા, અહિંસાના અમારા તોડશે કિલ્લા
નહિં તવ ક્રુરતા, અમ નમ્રતાના ફોડશે કિલ્લા—૩
નથી શક્તિ પ્રભૂતામાં લઘુતા આ નમાવી દે
ભલે સરકાર તું તારી દમન નીતી ચલાવી દે—૪
યુવાનો હિન્દના ઉદ્ધાર-માં લઢતાંજ મરવાના
ન પાછા ધર્મ યુદ્ધ થી હવે નિજ ચર્ણ ભરવાના—૫
નથી આ પ્રાણની પરવા વધુ આ દેશ વ્હાલો છે
મરી જાશું મટી જાશું સદા આ દેશ વ્હાલો છે—૬
વહાવીશું સદા તનથી અમે શોણિતની ધારા
અમે પ્રિય હિન્દ મૈયાને અમારા પ્રાણ દેનારા—૭

૨૪

## બને હમ હિન્દકે યોગી.

( ગઝલ–ભાષા હિંદી )

બને હમ હિન્દકે યોગી ધરેંગે ધ્યાન ભારતકા
ઉઠાકર ધર્મકા ઝંડા કરેંગે માન ભારતકા—૧

ગલેમેં શીલકી માળા પહનકર જ્ઞાનકી કફની
પકડ કર ત્યાગકા દંડા રખેંગે માન ભારતકા—૨

તજેં સબ લોકકી લજ્જા તજેં સુખ ભોગકી સજ્જા
હમ અપના માંસ અરૂ મજ્જા કરે કુરબાન ભારત પર—૩

હમારા જન્મકા સાર્થક હમારા મોક્ષકા મારગ
હમારા સ્વર્ગકા કારન યહિ ઉદ્યાન ભારતકા—૪

૨૫

## અરે સબ હી જલ જાય

( છપ્પો )

અરે સબહી જલ જાય ઔર હમભી સાથ ખાખ હો જાય
સિતમ શાહી ઉખેડેંગે અગર હમ ઉખડ જાએંગે.
ગુલામી દુર કરનેકો હમારા ખૂન બહાએંગે.
ચઢકર ફાંસીકે તખ્તપર મરદાનગી હમ બતાએંગે
મરેંગે વીરતો પૈદા યહિ હિંદમેં હોએંગે.
લેકીન તબા જુલ્મીકા કરે બીના ન છોડેંગે

२६

## બલિદાન હો હમારા

( આનંદ કંદ ઐસા-એ રાગ )

દે કરકે ધ્યાન સુન લ્યો. કરતા હું મૈં ઇસારા
કર્તવ્યસે ન ચલના હિન્દી સમાજ પ્યારા—એ-ટેક૦
હમ હિન્દ કે સિતારે ફિરતે હેં મારે મારે
જબસે વિદેશીયોંને. આકર કે પગ પસારા—દે કરકે૦ ૧
પરવશ નિંદમે હમ ચિરકાલસે પડે હે
આઝાદ હોકે અબતો ઇસસે તરે કિનારા—દે કરકે૦ ૨
હિન્દુ વ મુસ્લમીનો યહ બાત સત્ય જાનો
સ્વાતંત્ર્યકે બિના ના હોગા ઉદય હમારા—દે કરકે૦ ૩
ઇસ શાંત યુદ્ધ મેં હમ શામિલ યદિ ન હોવેં
તો હિન્દમેં હે હમને બસ વ્યર્થ જન્મ ધારા—દે કરકે૦ ૪
સુનકર પુકાર મેરી અબ તુમ કરો ન દેરી
નિજ કર્મસે બજાઓ સ્વરાજ્યકા નગારા—દે કરકે૦ ૫
યદિ સત્ય શીલ છોડેં ઔર શસ્ત્ર ધારલેં હમ
દુનિયા કો ભી હરાદેં ઇંગ્લંડ કયા બિચારા—દે કરકે૦ ૬
પર સત્ય શીલતા તો આદર્શ હે હમારા
ઉસકો ન હમ તજેંગે સર્વસ્વ જાય હારા—દે કરકે૦ ૭
ઇસકે લિયે સદા હમ સૌભાગ્ય માનતે હૈ
ભારતકી ઉન્નતિમેં બલિદાન હો હમારા—દે કરકે૦ ૮

( મુનિ તિલક વિજયજી )

૨૭

## છીન શકિત હૈ નહિં.

( હિંદુસ્તાની ગઝલ )

છીન શકતી હે નહીં સરકાર વંદે માતરમ્
શૂર વીરોં કે ગલેકા હાર વંદે માતરમ્—એ ટેક.
સર ચઢોં કે સરમે ચક્કર ઉસ સમય આતા જરૂર
કાનમેં પહુંચી જહાં ઝંકાર વંદે માતરમ્—૧
હમ વહીં હૈં જો હિ હોના ચાહિએ ઇસ વકતપર
આજ તો ચિલ્લા રહા સંસાર વંદે માતરમ્—૨
જેલ મેં ચક્કી ઘસીટે ભૂખસે હો મર રહા
ઉસ સમય ભી બક રહા બેજાર વંદે માતરમ્—૩
મૌત કે મુંહ પર ખડા હૈ કહ રહા જલ્લાદસે
ભોંક દે સીને મેં વો તલ્વાર વંદે માતરમ્—૪
ડૅાકટરોંને નબ્જ દેખી સિર હિલાકર કહ દિયા
હો ગયા ઇસકો તો યહ આજાર વંદે માતરમ્—૫
ઇદ, હોળી, ઔર દસહરા, સુબરાત સે ભી સૌ ગુના
હે હમારા લાડલા ત્યો હાર વંદે માતરમ્—૬
જાલિમોંકા જુલ્મ ભી કાફુરસા ઉડ જાયગા
ફૈસલા હોગા સરે દરબાર વંદે માતરમ્—૭

૨૮

## મુબારિક હો..

( ગઝલ )

હમારે હિન્દ કી ચઢતી મુબારિક હો મુબારિક હો— એ-ટેક.
પ્રિય હિન્દુ મુસલ્મીનો ઉદય અબ હિન્દકા જાનો
હમેં સ્વરાજ્ય કી હલચલ મુબારિક હો મુબારિક હો—૧
પડે સોતે થે મુદ્દત સે અહો હમ ઘોર નિંદ્રામે
હમારી નીંદકા ઉડના મુબારિક હો મુબારિક હો—૨

ળ્યા સત્યાગ્રહી ડંકા જગાયા હમકો ગાંધીને
ઇન્હોંકા હિન્દમેં જીવન મુબારિક હો મુબારિક હો—૩
પ્રિય બ્હેનો! પ્રિય ભાઇ! બનો ગાંધી કે અનુયાયી
તુમ્હારા સત્ય વ્રત લેના મુબારિક હો મુબારિક હો—૪
દમન કર ઇંદ્રિયાં અપની બઢાવો આત્મ શક્તિકો
તુમ્હારે શીલકા સૌરભ મુબારિક હો મુબારિક હો—૫
બતાકર યોગ્યતા અપની કરો નિજ કાર્ય શાંતિસે
યહ ગાંધીજીકા ફરમાના મુબારિક હો મુબારિક હો—૬
(મુનિ તિલક વિજયજી પંજાબી)

## ૨૯
## શુધ્ધ વંદે માતરમ.
(હીંદુસ્તાની ગઝલ)

શુદ્ધ સુંદીર હમકો પ્યારા શબ્દ વંદે માતરમ્
શબ્દ હય શ્રી ગોખલેકા શુદ્ધ વંદે માતરમ્—૧
ખાને પીને ચલને સુને ઇસિકા હૃદયમેં સ્થાન હો
નીંદ મય બી ખ્યાલ આવે ન્યારા વંદે માતરમ્—૨
અગર કોઇ અન્યાયી તુમકો બાંધ લે અન્યાયસે
જેલમેં જાકર ન ભૂલો તાન વંદે માતરમ્—૩
જેલખાને મય કહા હય વાજા વ તબલા સાજ હો
હાથ કડીઓંકું બજાકર બોલો વંદે માતરમ્—૪
ખાલ ખીચવા લો ખુશીસે સુળીધર તુમકો મીલે
સુળીકે તખ્તોપે જાકર બોલો વંદે માતરમ્—૫
જીસ સમે કોઇ મુસીબત સીરપે આવે દોસ્તો
ઉસ સમે હસહસકે કહેના ભાઇ વંદે માતરમ્—૬
ગો દુ:ખી હય ભાર્ત માતા હો ચુકા એ લાઇલાજ
કામ દો અકસીરકા ચુકસાઇ વંદે માતરમ્—૭
હય પ્રભુ બાંકે બિહારી સુન લે બીનતી હમારી
તુમબી અપની બાંસલીમેં બજાવો વંદે માતરમ્—૮

## ૩૦
## ખાદીકા ડંકા.

ખાદીકા ડંકા આલમમેં બજવા દિયા મહાત્મા ગાંધીને
મેન્ચેસ્ટર લેંકેશાયર કો હિલવા દિયા મહાત્મા ગાંધીને—૧
દેશી વસ્ત્રોંકો પહનો તુમ દો છોડ વિદેશી કપડોંકો
યહ પાઠ ભલી વિધિસે હમકો પઢવા દિયા મહાત્મા ગાંધીને—૨
દેશી ધોતી ગાંધી ટોપી ખાદીકા કુરતા ભી કિયા
ઓઢના બિછૌના ખાદીકા કરવા દિયા મહાત્મા ગાંધીને—૩
મનહૂસ વિદેશી કપડોંકી જલવા દી ભારતમેં હોળી
શુભ ચલન સ્વદેશી ખાદીકા ચલવા દિયા મહાત્મા ગાંધીને—૪
જો પહન સાડિયાં પરદેશી ચલતીથી ભારતકી નારી
ખાદીસે ઉનકા સુંદર તન સજવા દીયા મહાત્મા ગાંધીને—૫
સિરસે પૈરાં તક હૈ ખાદી ખાદીકે શ્વેત સમંદરસે
હૈ આજ જમાને કે દિલકો દહલા દીયા મહાત્મા ગાંધીને—૬
ખાદીકી શક્તિ બમ સે ભી હૈ અધિક કામ કરનેવાલી
ખાદીકા ગોલા ભારતકો દિલવા દિયા મહાત્મા ગાંધીને—૭
અબ ત્યાગી વિદેશી વસ્ત્રોંકો પહનો "દિનેશ" દેશી ખાદી
ખાદીકા ઝંડા ભારતમેં ફરકા દિયા મહાત્મા ગાંધીને—૮

(રાષ્ટ્રીય ડંકામાંથી)

## ૩૧
## સંદેશા પુજ્ય ગાંધીકા.
(ગઝલ)

સંદેશા પૂજ્ય ગાંધીકા જગતકો હમ સુના દેંગે
અગર હૈ દેશ સોયા તો ઉસે અબ હમ જગા દેંગે—૧
તજેંગે મોહ કૌન્સિલકા ન લેંગે પદ ગુલામીકા
સેવા કર માતૃ ભૂમિકી ઉસે ઉન્નત બના દેંગે—૨

તજેંગે સ્કુલ ઔર કૉલેજ હટા દેંગે વકાલતકા
સ્વદેશી વસ્ત્ર ભૂષાકા સબક સબકો પઢા દેંગે—૩
અદાલતમેં ન દુઃખ પાવો કરો પંચાયતી જારી
મિટે અન્યાય જલદીસે પ્રથા ઐસી ચલા દેંગે—૪
નહિ બંદુકકા ડર હૈ ન તોફોંકા હમે ધડકા
આત્મ બલકા ખરા ડંકા જગતમેં હમ બજા દેંગે—૫
લઢાઇસેં ન કુછ મતલબ ન શસ્ત્રોંકી જરૂરત હૈ
ભભકતી આગકો સબ હમ સુધારસસે બુજા દેંગે—૬
કૃષ્ણ બુધ વીર રાઘવકા તથા ઇસ્લામ મોહુમ્મદકા
તિલક દાદા મહાત્માકા સંદેશા હમ સુના દેંગે—૭
હમેં સ્વરાજ્ય સિદ્ધિમેં સુદર્શન ચક્ર હૈ ચરખા
ઇસીસે હમ વિદેશીકા મૂલ જડશે ઊડા દેંગે—૮
દયા મય ગોદમેં અપની ઊઠા લો વીર ભારતકો
શાંતિ રસ પ્રેમકા પ્યાલા સભીકો હમ પીલા દેંગે—૯

## ૩૨

## ચરખા ચલા ચલાકે.

(આનંદ કંદ ઐસા—એ રાગ)

ચરખા ચલા ચલાકે લેંગે સ્વરાજ્ય લેંગે એ ટેક.
મલમલ જો હૈ વિદેશી આનેકો ગજ મિલેંગી
ખાદી ન હમ છોડેંગે લેંગે સ્વરાજ્ય લેંગે—ચરખા૦ ૧
બહાતર કરોડ રૂપયા જાતા વિદેશમેં જો
ઊસકૂ બચા બચાકે લેંગે સ્વરાજ્ય લેંગે—ચરખા૦ ૨
ચરખેકી ધ્રણધણાટ રણભેરિયા બજેંગે
અંગ્રેજકો સુનાકે લેંગે સ્વરાજ્ય લેંગે—ચરખા૦ ૩
યા હકક હૈ હમારા તન જાનસે ભિ પ્યારા
મરણેં નહિ ડરેંગે લેંગે સ્વરાજ્ય લેંગે—ચરખા૦ ૪

હમ સબ પરેડ ફૌજી કપ્તાન્ હમારા ગાંધી
આજ્ઞા ઉસીકિ લેંગે લેંગે સ્વરાજ્ય લેંગે—ચરખા૦ ૫
તેહત્તીસ કરોડ ફૌજી રણ સાથ એ ચલેંગે
ગાંધી હુકુમ કરેંગે લેંગે સ્વરાજ્ય લેંગે—ચરખા૦ ૬
ચરખા હી તોફ બનેંગે તકબા બને હૈ બરછી
ગોલેસે સુત્ર કે હમ્ લેંગે સ્વરાજ્ય લેંગે—ચરખા૦ ૭

33

## આ ગયા હૈ કર્મ યુગ કુછ.

(શુદ્ધ સુંદીર હમકો પયારા—એ રાગ)

આ ગયા હૈ કર્મ યુગ કુછ કર્મ કરના શીખ લો
દેશ પર ઔર જાતિ પર હસહસકે મરના શીખ લો—૧
મારનેકા નામ મત લો પહલે મરના શીખ લો
મિસ્લે આયરલેન્ડ દબકર ફિર ઉભરના શીખ લો—૨
પાર યદિ હોના તુમ્હેં પરતંત્રતા દુ:ખ સિંધુસે
તૈર કર તો રક્ત સાગર- સે ઉતરના શીખ લો—૩
ફિર જલા દોગે સકલ સંસારકો છિન માત્રમેં
દેશ દુ:ખકી આગમેં પર પહલે જલના શીખલો—૪
જેલ યાત્રાકે લિયે દિન રાત ઉત્સાહીત રહો
કૃષ્ણ જન્મ સ્થાનમેં નિર્ભય વિચરના શીખ લો—૫
દેખના હૈ દ્રષ્ય ભારત વર્ષમેં યદિ સ્વર્ગકા
દેશકા તો પ્રાણ પ્રણસે દુ:ખ હરના શીખ લો—૬

૩૪

## રાષ્ટ્રપતિ જવાહર લાલ.

ભારતકા ડંકા આલમમેં બજવાયા વીર જવાહરને
સ્વાધીન બનો, સ્વાધીન બનો, સમજાયા વીર જવાહરને—૧
અંગ્રેજોં કી મૃગ તૃષ્ણામેં ભૂલે થે ભારત વાસી સબ
પૂરી આઝાદી કા મંત્ર શિખવાયા વીર જવાહરને—૨

ઘોંટી હૈ રાજનીતિ ઉસને છાની હૈ ખાક વિદેશોંકી
સમતા સ્વતંત્રતા કા મારગ દિખલાયા વીર જવાહરને–૩
હિંદુ મુસ્લિમ શિખ જૈન ઇસાઇ પારસી ભાઇ ભાઇ હૈ
સબ ઉંચ નીચ કા ભેદ ભાવ મિટવાયા વીર જવાહરને–૪
ઇક રોશન આગ ધધકતી હૈ આઝાદી કી ઉસકે દિલમેં
જીસસે યુવકોંકા મુર્દા દિલ ચમકાયા વીર જવાહરને–૫
નવયુવક કરોડોં ભારતકે ભૂલેથે ભોગ-વિલાસોંમેં
યુવકોં કી શકિત કો એકદમ ઉકસાયા વીર જવાહરને–૬
બિજલી હૈ વાણી મેં ઉસકી જાદુ હૈ આંખોં મેં ઉસકી
દેખા જીસકો ઇક પલ-ભરમેં અપનાયા વીર જવાહરને–૭
ગાંધી જબ આશિષ દે બોલે "ખુદ કલકં બનૂંગા મં તેરા"
તબ સેહરા રાષ્ટ્રપતિકા સિર બંધવાયા વીર જવાહરને–૮
લખકર "પ્રકાશ" અબ ભારતકા અચરજમેં ડૂબી હૈ દુનિયા
કાંગ્રેસ કો કરકે મુઠ્ઠીમેં મુસકાયા વીર જવાહરને–૯

( રાષ્ટ્રીય ડંકામાંથી )

## ૩૫
## ગાંધી ટોપી વાલોંને

ઇક લહર ચલાદી ભારતમેં ઇન ગાંધી ટોપી વાલોંને
"સ્વાધીન બનો" યહ સિખાદિયા ઇન ગાંધી ટોપી વાલોંને–૧
સદિયોંકી ગુલામી મેં ફસકર અપને કો ભી જો ભૂલેથે
કર દિયા સચેત ઉન્હેં અબતો ઇન ગાંધી ટોપી વાલોંને–૨
સર્વસ્વ દેશ-હિત કરદો તુમ અર્પણ સપુત હો માતાકે
સર્વસ્વ-ત્યાગ કા મંત્ર દિયા ઇન ગાંધી ટોપી વાલોંને–૩
અન હિત મેં ભારત-માતા કે જો લગે દેશ-દ્રોહી બનકર
ઉનકો સત-પથ પર ચલાદિયા ઇન ગાંધી ટોપી વાલોંને–૪
પટબંદ હુએ કિતને મિલકે લેંકેશાયર ભી ચીખ ઉઠા
ચરખે-સા ચક્ર ચલાયા જબ ઇન ગાંધી ટોપી વાલોંને–૫

રોતે હૈં વિદેશી વ્યાપારી અપના સિર ધુન બિલલાતે હૈં
ખાદીસે પ્રેમ કિયા જબસે ઇન ગાંધી ટોપી વાલોંને–૬
યુવકોં કે હૃદય-દુલારે હૈં આંખોં કે પ્યારે તારે હૈં
ચુન લિયા જવાહર કો રાજા ઇન ગાંધી ટોપી વાલોંને–૭
ખુશ હુઆ 'દગ્ધ' યહ સુન કરકે સ્વાધીન બનેગા ભારત અબ
વિશ્વાસ દિલાયા ઐસા હૈં ઇન ગાંધી ટોપી વાલોંને–૮

(દગ્ધ) ( રાષ્ટ્રીય ડંકામાંથી )

## ૩૬

## જન હો ખાદી વાપરા

( ભાષા મરાઠી )

હિંદુસ્થાન લા વણુવા લાગલા જનહો ખાદી વાપરા–જનહો૦
જાલિયન્ બાગેચી કતલ ઉડાલી આણા અપુલ્યા ધ્યાની
ગોળીબાર જૈં તો મધિ ઝાલા પહાવે ના તો નયનીં–જનહો૦
દંગલ દુસરી ગુરૂકા બાગેં મધ્યેં પાહિયલી સર્વાની
શીખ લોકાંના બહુત છળિયલેં ત્યા નોકર શાહીનેં–જનહો૦
એકા એકાલા અસેં તુડવિલે ઘોડયાચ્યા ટાપાંની
પરી શાંતતેચા ભંગ ન કરિતાં યશ મિળવિલેં શીખાંની–જનહો.
અસંખ્ય લોક તુરુંગી ઘાતલે નાગપુર નિશાણીં
સરતે શેવટીં સોડુની દિધલે ગાંધીચ્યા તત્વાંની–જનહો૦
સ્વરાજ્ય માઝા જન્મ સિદ્ધ હા- હક્ક દાવિલા કોણીં ?
અજર અમર હેં નાંવ રાખિલેં લોકમાન્ય ટિળકાંની–જનહો૦
સત્વશીલ તે મહાત્મા ગાંધી બસલે યોગી હોવોની
અસહકારાચેં ખડગ હાતામધ્યેં ખાદી મંત્ર જપવોની–જનહો૦
દારૂ સોડા તાડી સોડા સોડા માલ વિદેશી
જ્યાચી જુલ્મી જકાત ઘેતો ઘાલા બહિષ્કાર ત્યાસી–જનહો૦
દ્વેષા દ્વેષ કલહ ભાંડણેં ઘાવી આતાં સોડોની
ખાદી વાપરા સુતહી કાઢા હાતિ ચરખે ઘેવોની–જનહો૦

## ૩૭

## હિંદવાસી જાગીયે

( હીંદુસ્તાની ગઝલ-નો રાગ )

જાગીયે ઓ હિંદવાસી જાગીયે સબ જાગીયે
ગાંધી તુમકો જગા રહા હૈ હિંદ વાસી જાગીયે—૧
ગુલામી કે બંધનસે યે હિંદ દેશ દુ:ખી હો રહા
બંધન છુડાને કે લિયે ઓ હિંદવાસી જાગીયે—૨
અહિંસા પરમો ધર્મ હૈ યે ગાંધીને શીખા દિયા
યે મંત્ર હ્યદયે સ્થાપને કો હિંદવાસી જાગીયે—૩
યે મંત્ર બલસેં સત્તાવાલી સરકાર ભી થરથરતી હૈ
યે મંત્ર માલા જપને કો હિંદવાસી જાગી યે—૪
ધડકતે હ્રદયે કરે વો દમન નીતી ભી જોરસેં
અપની ટેક અચળ રખનેકો હિંદવાસી જાગીયે—૫
મહાત્મા ગાંધી ને કહા હૈ યજ્ઞ યહ આખીરકા હૈ
શિર ઝુકાના યજ્ઞ મેં યે હિંદીઓંકા ધર્મ હૈ—૬
દધાલીઆ વાલા કી બિનતી સુનીયે સબ હિંદીઓ
તન બદન ધન અર્પને કો હિંદવાસી જાગીયે—૭

## ૩૮

## રાષ્ટ્રીય ઝંડા વંદન ( ભાષા હિંદી )

વિજયી વિશ્વ ત્રિરંગા પ્યારા, ઝંડા ઉંચા રહે હમારા. ટેક.
સદા શકિત બરસાનેવાલા, પ્રેમ-સુધા સરસાને વાલા
વીરોંકો હરષાને વાલા, માતૃભૂમિકા તન-મન સારા—ઝંડા૦ ૧
સ્વતંત્રતાકે ભીષણ રણમેં લખકર બઢેં જોશ ક્ષણક્ષણમેં
કાંપે શત્રુ દેખકર મનમેં મિટજાએ ભય સંકટ સારા—ઝંડા૦ ૨
ઇસ ઝંડેકે નીચે નિર્ભય લેં સ્વરાજ્ય યહ અવિચલનિશ્ચય
બોલો ભારત-માતાકી જય સ્વતંત્રતા હો ધ્યેય હમારા—ઝંડા૦ ૩

આઓ પ્યારે વીરોં આઓ દેશધર્મ પર બલિ-બલિજાઓ
એકસાથ સબ મિલકર ગાઓ પ્યારા ભારત-દેશ હમારા—ઝંડા૦ ૪
ઇસિકી શાન ન જાને પાએ ચાહે જાન ભલે હી જાએ
વિશ્વ વિજય કરકે દિખલાએ તબ હોવે પણ પૂર્ણ હમારા—ઝંડા૦ ૫

(રાષ્ટ્રીય ડંકામાથી)

૩૯

## ભારત હમારા દેશ હૈ

ભારત હમારા દેશ હૈ, હિત ઉસકા નિશ્ચય ચાહેંગે
ઉસકે હિતકે કારણ હમ કુછ ન કુછ કર જાએંગે—ભારત
ભારત હમારી માતૃ ભૂમિ, ઉસકા રૂણ હમપર હૈ બહુત,
ઉસકે મિટાને કે લિયે હમ, કુછ ન કુછ કર જાએંગે.—ભારત
ભારતકે દુ:ખપ્રદ અવનતિ પર કયોં ન અશ્રુ બહાવેંગે,
ઉસકે હટાને કે લીયે હમ, કુછ ન કુછ કર જાએંગે.—ભારત
ધર્મ વિદ્યા ઔર ધનસે, ઉન્નતિ ભારત કી હોવે,
ઉસ ઉન્નતિકે માર્ગમે હમ, કુછ ન કુછ કર જાએંગે,—ભારત

૪૦

## ઝેંડા વંદન (ભાષા મરાઠી)

નવ હિંદ રાષ્ટ્ર ઝેંડયા પ્રણામા ઘે યા (ટેક)
હિંદભૂમિચ્યા હિંદી જનાંચ્યા સ્વાભિમાન ચિન્હા પ્રણામા ઘે યા.
સ્વાતંત્ર્યાચ્યા વાર્યા વરતી બા ફડ ફડણાર્યા પ્રણામા ઘે યા.
સ્વરાજ્ય માઝેં મીઠી ત્યાચા જગતાં સાંગાયા પ્રણામા ઘે યા.
હિંદ પૂત્ર હે સિદ્ધ તુઝયાસ્તવ પ્રાણહી અર્પાયા પ્રણામા ઘે યા.
નવ્યા મનૂચે શિલેદાર હે નમિતિ તુજ રાયા પ્રણામા ઘે યા.

Printed by L. M. Motee Proprietor Commercial Printing Works,
12 Sholapur Road Poona.
and
Published by Fatechand Laloobhoy at 521 Centre Street
CAMP POONA.

## બસ, મુલ્ક નિમિત્તે મરી ફીટવા.
## બહાદુર થઈને બહાર પડો.

(આવો આજે શ્રાવક બાળો-એ-રાગ)

ભારતના ભડવીર હવેતો હદ થઇ જાગો નિંદ તજો
ગાંધી આજ્ઞા ગ્રહણ કરીને સત્યાગ્રહનો સ્વાંગ સજો
હિન્દુ ને ઇસ્લામ જમાવી સંપ. વેગળું વેર કરો
બસ મુલ્ક નિમિત્તે મરી ફીટવા બહાદુર થઇને બહાર પડો—૧
આ સરકારે આંખ હવે પોતાની લાલ બનાવીને
ક્રુર કોરડો હાથ ધર્યો છે રોષ રૂદયમાં લાવીને
વીરનરોને પકડી લીધા, ગઝબ ગુજાર્યો ખરેખરો—બસ૦—૨
જતીનદાસને ખુદીરામ, પંજાબ કેશરી લજપતરાય
સ્વર્ગ સિધાવ્યા સ્વદેશ ખાતર પોતાની કુરબાં કરી કાય
યાદ કરી એ શહીદ વીરોને, ક્રાન્તિ રસ્તે કુચ કરો—બસ૦—૩
મશીનગનો સરકાર મુકે તો પણ થડકારો ખાશો ના
તેગ-તમંચા તાણે તેથી હિન્દીજન બ્હી જાશોના
હિમ્મત રાખી હૈયે જીલવા બોમ્બ બદન તૈયાર કરો—બસ૦—૪
સ્વતંત્રતાનું યુધ્ધ હવેતો મહા ગુજરાતે મંડાશે
ભારત ભરના દેશ ભકતોની પકડા પકડી પણ થાશે
ફરશે જયાં ત્યાં ફોઝ ફીરંગી ઘર ઘર ઘુમશે સીતમગરો બસ૦—૫

---

મજકુર પુસ્તકમાંનાં ગીતોના રચનાર મહાશયોનાં નામ
જેટલાં પ્રાપ્ત થઈ શકયાં તેટલાં દર્શાવ્યાં છે. જેમનાં
નામ ઉપલબ્ધ થયાં નથી તેમનાં નામ ન
દર્શાવવા માટે ક્ષમા ચાહું છું

પ્રકાશક.

5/8/78
Ex. Unit

હિંદીઓ પ્રત્યે

# બાપુજીનાં ચાર સોનેરી ફરમાનો

મારા સૈનિકો સાથ સત્યસતણા મેદાનમાં ઝુકાવજો:
મારો કરેલો ભંગ યુવકો તમે બર લાવજો.—૧
ખાદી મહીં સજજ થઈ નિજ દેશને શોભાવજો;
લીધેલ મારી પ્રતિજ્ઞા શીરસાટથી નીભાવજો;—૨
નિર્બલ તમારૂં મન યુવકો કદિ કરશો નહિ;
જકાત લે સરકાર તેવો માલ વાપરશો નહિ.—૩
મારી ધરપકડના સમે શાન્તિ સઘળે પથરાવજો;
અહિંસાત્મક યુદ્ધે ચઢી જેલો તમે ઉભરાવજો.—૪

ભીખાલાલ મહીધર પંડયાના વંદેમાતરમ્

---

કુસુમાવલી મલવાનું ઠેકાણું.

૧ પ્રકાશક,
ઘર નં. ૫૨૧ સેન્ટર સ્ટ્રીટ પુના કૅમ્પ

૨ પી. અમુલખદાસ તારાચંદ શાહ. બુકસેલર્સ
૧૫૧૮ માર્કેટ લાઇન પુના કૅમ્પ